R.N.I.No. : 11555/66 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 54 Issue No. 8 November - 2010

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## હિરક જ્યંતિ વર્ષ




સત્ય અને સ્નેહ બેમાંથી એક પસંદ કરવાનું હોય તો,
સ્નેહ જ તું પસંદ કરજે કેમકે, સ્નેહથી તું સંપૂર્ણ પરિચિત છે
સત્યનો તને હજુ પરિચય નથી! સત્ય કોઈનું નથી સત્ય સહુ કોઈનું છે
સત્ય ક્યાંય નથી.... સત્ય તો એને પામનારની ભીતર વસેલું હોય છે!

2nd Cover Page

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આયોજીત

## શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા)

પુરસ્કૃત

# ૫૯ મો વાર્ષિક રસોત્સવ

**સ્થળ :**

**બિરલા માતુશ્રી સભાગૃહ,**

**મરીન લાઈન્સ મુંબઈ**

**તારીખ :**

**૨૧-૧૧-૨૦૧૦ ને રવિવાર સવારે ૯.૦૦ કલાકે.**

---

મુખ્ય મહેમાન

## શ્રી સુધીર ચીમનલાલ ધારિયા (રંગુનવાલા)

## સાંસ્કૃતિક કાર્યક્રમ

**આપણી જ્ઞાતિની બહેનો અને બાળકો દ્વારા પ્રસ્તુત**

**તા. ૩૧-૧૦-૨૦૧૦ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે નીચેના સ્થળે મળશે.**

(પ્રવેશ ફક્ત પાસ લાવનારનેજ મળશે)

આપ સૌને સમયસર પધારવા વિનંતિ છે

| | |
|---|---|
| સંયોજક | મંત્રી |
| હેમેન્દ્ર શાહ | મંજુલ ધારિયા |

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૪ | ૮ | ૧૫-૧૧-૨૦૧૦ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

*

મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

*

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૮ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# નામ ગુમ જાયેગા

**તંત્રી સ્થાનેથી**

એક કબ્રસ્તાનની બહાર એક સુંદર વાક્ય લખ્યું હતું. ''અહીં એ લોકો ગુમનામીની ચાદર ઓઢીને સુઈ ગયા છે જેઓ માનતા હતાં કે એમના વગર આ દુનિયા ચાલતી અટકી જશે.'' આ વાક્યમાં 'નામ' અને 'અભિમાન' બે વસ્તુ મહત્વની છે. નામ એટલે બાળકના જન્મ પછી એની ઓળખ માટે અપાયેલો એક શબ્દ, આ શબ્દની પસંદગી માબાપ અથવાતો ફોઈ કરે એવો રિવાજ છે. કોક માબાપ નામ પાડતી વખતે એના અર્થનો, મિનીંગનો વિચાર કરીને પાડે તો કોક ફેશન પ્રમાણે ગમતું નામ પાડે. જો કે નામ પ્રમાણે ગુણ ભાગ્યેજ જોવા મળતાં હોય છે. હવે નામો ઓછાને માણસો વધુ એ મુજબ ફરીથી ઓળખ માટે પિતાનું નામ, અટક વગેરે ઉમેરાઈને માણસની લાંબી લચક ઓળખ બને. સાઉથમાંતો પાછું આખી પેઢીનું, ગામનું તાલુકાનું નામ પણ ઉમેરાય. આ લાંબી લચક નામની ઓળખ સાથે માણસ દુનિયામાં બહાર પડે અને એ ઓળખને ઓળખાણ બનાવવાની દોડ શરૂ કરે. ધીરે ધીરે એમાં માસ્ટર, મીસ્ટર, મીસ, મીસીસ, ઉમેરાય ત્યારબાદ ભણતર એટલે કે ડીગ્રી ઉમેરાય. પછી નોકરી ધંધો કે વ્યવસાય પ્રમાણે સીઈઓ, મેનેજર, ડાયરેકટર, પાર્ટનર, એમ ડી. ડોકટરનું પુંછડું ઉમેરાય. પછી એ સામાજીક ક્ષેત્રે પ્રવેશ કરે એટલે ત્યાં પાછું કાર્યકર્તા, મંત્રી, પ્રમુખ, ઉપપ્રમુખ, ટ્રસ્ટી, સંયોજક જેવા છોગા નામની સાથે જોડાય. વિવિધ એવોર્ડો દ્વારા જ્ઞાતિ ગૌરવ, જ્ઞાતિ રત્ન, જ્ઞાતિ વિભુષણ, પદ્મશ્રી પણ

જોડાય ને અચિવર્સ એવોર્ડ દ્વારા બેસ્ટ બીઝનેસમેન, બેસ્ટ સોસીયલ વર્કરના એવોર્ડ પણ જોડાય. ત્યારબાદ આવે પૈસા સાથે જોડાયેલા નામો. બીઝનેસ ટાયકુન, ડાયમન્ડ કીંગ, શેઠ, દાનવીર, દરિયાવદિલ, મખ્ખીચુસ જેવા ઉપનામો જોડાય. ધર્મક્ષેત્રે હો તો પુજ્ય, પરમ પુજ્ય (પપુ), પરમ ભગવદીય (પ.ભ), લાલા, બાવાશ્રી, બેટીશ્રીની સાથે સાથે ૧૦૮ના મલ્ટીપલમાં કેટલાંયે નંબરો બને, લાંબો બાયોડેટાં બને અને વિવિધ પ્રસંગે અપાતો પરિચય બને (કૌટુંબીક ક્ષેત્રે સગપણ પ્રમાણે, પતિ પત્ની, પપ્પા-મમ્મી, કાકા-કાકી, મામા-મામી જેવી અને વહુઘેલો, માવડીયો, બાયલો જેવી ઓળખાણ પણ ઉમેરાય).હવે આવે આ લાંબા લચક નામ, બાયોડેટા, પરિચયને ટકાવવાની વાત કારણકે હવે નામ એક અભિમાન બની જાય છે. હું કોણ ? એ દેખાડવા માટેના કાવાદાવાઓ શરૂ થઈ જાય. ચુંટણીઓ અને હોદાઓ પ્રતિષ્ઠા માપવાનું બેરોમીટર બની જાય. કોઈપણ મેગેઝીનો કે છાપામાં છપાતાં પોતાના ફોટાઓ એ પ્રતિષ્ઠાનું માપદંડ બની જાય અને માણસને લાગવા માંડે મારું નામ અમર થઈ ગયું. લોકો આ નામ ભુલશે નહી અને આજ એ ભુલે છે. સમાજ કે કુદરત જ્યારે ફટકો મારે ત્યારે ખુદને પણ પોતાનું નામ ભુલાવી દે છે. નામની આગળ લાગેલા કેટલાંયે લેબલો ભુંસાઈ જાય છે. ઘણા બાળકોની ફરિયાદ હોય છે કે ઈતિહાસ શા માટે ભણવો જોઈ ? એ બાળકોને કહેવાનું કે ઈતિહાસ જ આપણને શીખવે છે. આપણી પહેલાંના લોકોએ કરેલી ભુલો, ઈતિહાસ જ શીખવે છે. કે નામના અભિમાન તો ભલભલાના ઓગળી ગયા છે. આજે લોકો ગાંધીજીનું નામ ફક્ત ૬૦ વર્ષમાં ભુલી ગયા છે. ત્યાં આપણા નામની શી વિસાત? વિશ્વ પ્રસિદ્ધ માણસોના પુતળાઓ આજે કાગડાં, કબુતરાંને બેસવાના અને વિષ્ઠા કરવાના સ્થાન બની ગયા છે અને કેટલાંયે રાજાઓ લોકસેવકો અને વિજ્ઞાનીઓના નામો ઈતિહાસ નામના સબજેકટમાં ગોખવા પડે છે. બાકી નાનામાં નાનો માણસ કેમ ન હોય દરેક માણસનું નામ જીંદગીમાં ત્રણવાર જરૂરથી છપાય છે. એક બર્થસર્ટિફીકેટમાં બીજું પિતાના ખર્ચે છપાયેલી કંકોતરીમાં અને ત્રીજું ડેથ સર્ટીફીકેટ અથવા છાપાઓની મૃત્યુ નોંધની કોલમમાં.

આ બધુ જાણવા છતાં આપણે આપણું નામ મૃત્યુ પછી પણ અમર કરી જવાના સપનાં જોઈએ છીએ. બેન્ચો અને દિવાલો ઉપર નામો કોતરાવીએ છીએ, મકાનો, હોસ્પીટલો અને સ્કુલોને નામ આપીએ છીએ, તકતીઓ અને ફોટાઓ લગાડવાનો આગ્રહ રાખીએ છીએ. પણ વખત જતાં કચેરીયા મોજીલાલ ગોરધનદાસ હોસ્પીટલ. કે.એમ.જી. હોસ્પીટલના નામે અને પુનમચંદ વૈદરાજ વિદ્યાલય ફક્ત પી.વી. વિદ્યાલયના નામે જ ઓળખાય છે. અરે મહાત્મા ગાંધી રોડ ને પણ લોકો એમજી રોડ તરીકે ઓળખે છે. હવે આપણા સમાજમાં નવો ટ્રેન્ટ શરૂ થયો છે. એ છે યોજનાઓને નામ આપવાનો. પહેલાં લોકો પ્રસંગોપાત દાન આપતાં, પછી ન્યાસફંડો અને ટ્રસ્ટફંડોમાં ડોનેશનો અપાતાં, પછી તકતી અને ફોટાઓ માટે દાન અપાતાં થયાં, જે પ્રવૃત્તિઓ ચાલતી હતી એને નામ આપી પગભર બનાવવા માટે દાન આપતા થયા. ઓફિસો, હોલ, સભાગૃહને નામ અપાયા. હવે યોજનાઓ આવી, હોદેદારો નવી નવી યોજનાઓ કરવામાં વ્યસ્ત છે.

દાતાઓ કહે છે યોજના લાવો અમારું નામ આપો અને દાન લઈ જાવ. પરંતુ કાયમી ધોરણે યોજનાઓને નામ આપીને આપણે શું એ યોજનાઓનો વિકાસ થંભાવી નથી દેતાં ? દાખલાં તરીકે નવયુવક સંઘમાં ચાલતી નોટબુક રાહત યોજના, ૫૦ વર્ષો પહેલાં જ્યારે રૂપિયો થાળી જેવડો મોટો હતો ત્યારે એ યોજનાના દાતાએ રૂા. દસ હજાર આ યોજના માટે આપ્યાં હતા. આજે આ દસ હજારના વ્યાજમાંથી બાર ડઝન નોટો પણ નથી આવતી. એટલે ક્યાંતો યોજનાઓનું લાંબાગાળાનું આયોજન કરીને વધુ પૈસાનું દાન લેવું પડે અથવાતો એ યોજનાઓના નામને દસ વર્ષ માટે સિમિત કરી દેવું જોઈએ. દસ વર્ષ પછી જરૂરિયાત મુજબ એજ દાતા કે એમના કુટુંબીજનો વધુ દાન આપી આ યોજનાને પોતાના નામે આગળ વધારી શકે અથવા બીજા દાતા એજ યોજનાને આગળ ધપાવી શકે. જો કે હું માનું છું કે દાન બધાએ આપવું જ જોઈએ. એ આપણું સામાજીક ઋણ છે. ભગવાને આપણને આપેલા વૈભવના આશીર્વાદનો પ્રતિસાદ છે. નામ વગર આપો કે નામ સાથે. એ નામ કેટલાં વર્ષો લોકસ્મૃતિમાં રહેશે એ પ્રશ્ન છે.

જેટલાં વર્ષો આપણને આપણી ઓળખમાંથી ઓળખાણ બનાવતાં લાગે છે. એટલાંજ દિવસોમાં આપણી એ ઓળખાણ ભુલાઈ જાય છે. કાળના પ્રવાહમાં ભલભલાનાં નામ ભુંસાઈ જાય છે. ફાટેલા તારીખીયા જેવા આપણા વરસો ઉપર આપણે ગમે એટલું આપણું નામ ઘુંટયા કરીએ કાલ એને ઝાંખુ કરી કરીને ભુંસી જ નાખે છે.

આજે મને પણ થાય છે નામ નથી આપવું.

**- નિખિલ પરીખ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આપ સૌની જાણ ખાતર જ્યોતીપુંજ નવયુવક સંઘનું માસીક મેગેઝીન છે અને તે દર મહીનાની ૧૪ તારીખે અથવા મોડામાં મોડું ૧૫ તારીખે મુંબઈ જી.પી.ઓ ખાતે પોસ્ટ કરવામાં આવે છે. જે કોઈ વાંચકોને જ્યોતીપુંજ નિયમીત ન મળતું હોય તો તેઓએ તેમની લોકલ પોસ્ટ ઓફીસમાં તપાસ કરવા વિનંતી. અમારી દરેક કોશિષ એ રહી છે કે જ્યોતીપુંજ દરેકે દરેક વાચકોને સમયસર મળે. એ હેતુ થી તો વાચકોનું મેલીંગ લીસ્ટ પણ કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવ્યું છે. જેથી તેમાં ત્રૂટી રહેજ નહીં. આ છતાંપણ કોઈ વાચકોને જ્યોતીપુંજ ના મળે તો તેમણે સંસ્થાના મંત્રી ને લેખીત કાગળ લખી જણાવવું અને તેમાં પોતાનો મેમ્બરશીપ નંબર જે Computer No. છે જેમ કે L o214 x 25xj જે થી અમને તમારું એડ્રેસ ચેક કરવામાં ખુબજ સરળતા પડે. અમારી આપ સૌને વિનંતી કે પોતાને જ્યોતીપુંજ ન મળવાની અથવા કોઈપણ જાતના સમાચાર જે વા કે ટેલીફોન નંબર ન બદલાતા ઘરનું સરનામું બદલાયું હોય તેની જાણ ફોન પર કાર્યકર્તાને ન કરતાં લેખીતમાંજ મોકલવી. ફોન પર આપેલી માહીતી માટે સંસ્થાના કોઈ પણ કાર્યકર્તા જવાબદાર રહેશે નહી. આપના સાથ અને સહકાર અમને કાર્ય કરવામાં ખૂબ જ ઉત્સાહ પ્રેરક છે. અને ભવિષ્યમાં પણ આવોજ સાથ અને સહકાર રહેશે. તેવી વિનંતી.

**- મંત્રી મજુલ ધારીયા**

# 'બંગલા અજબ બન્યા મહારાજ'

✍ ઉષા એસ. ધારીયા

## 'જાંમે નારાયણ બોલે ...'

આ બંગલો એટલે સાચે સાચ બંગલો નહી, આ બંગલો એટલે આપણું શરીર, અને 'જાંમે નારાયણ બોલે' અને સાચે જ આપણા શરીરને હલનચલન તથા દરેક સંજ્ઞા સૂચક એટલે જ આપણા 'નારાયણ' ઈસ બંગલેકો દસ દરવાજા બીચમેં એક ખંભા, આવણ જાવણ નજર પડે ના', મનવા તાલ બજાવે' આ ભજનની કડી ઘણુ ઘણુ કહી જાય છે. બીચમાં એક ખંભા એટલે આપણું 'હૃદય', અને મનવા તાલ બજાવે, જ્યારથી સાચી સમજણ આવે ત્યારથી આપણું મન અહીં તહીં રમતું રહે છે. કિંતુ ... પરંતુ આપણા જીવનને પશ્નાર્થની દ્વીધામાં મૂકે છે. મન, જુદુ કહે, અને બુદ્ધિ કંઈ જુદુ. યુનિવર્સનો માલિક આપણને સંબંધોની હાર માળા સાથે મોકલે છે. પૃથ્વી પરે, ધીરે ધીરે આ સંબંધોમાંથી વ્હવારિકતા ઓછી થતી જાય છે અને સ્વાર્થનું આવરણ ઘેરુ થતું જાય છે.

કર્તા હર્તા નારાયણ માતાપિતા પોતાના બાળકનું જેવી રીતે અને જેટલું ધ્યાન રાખે છે. કર્માનુસાર ભગવાન નારાયણ પણ જીવંત ચરાચર સૃષ્ટિનું અને આપણે તો તેમના બાળકો, એ આપણું જરુરત મુજબ ધ્યાન રાખતા જ હોય છે. મીટ્ટીસે તુને માધોં બનાયા'. સૂરજ દાદાના કિરણોની આભા, પવન દેવ થકી દેવની મહેરબાની કદાચિત કર્માનુસાર ઓછી વત્તી મળતી હોય. પરંતુ એ અપવાદ રૂપ. સીઝન ને અનુરૂપ ફળ, શાક, અનાજ, ઓસડીયા ઓછાવત્તા મુલ્યે પણ ખરીદી લોકો જીંદગી જીવે છે, અને ફૂટપાથ પર યા ઝુંપડામાં રહેનાર પણ હસતાં રમતાં સુખે દુખે જીવન જીવી લે છે.

આ બધાનું મૂળ એજ છે દરેકના શરીરના બંગલામાં નારાયણ બોલી રહ્યો છે.

હવે 'મનવા તાલ બજાવે' આ જરૂરથી વિચારણા માંગે છે. પરિગ્રહનું મુલ્યાંકન કરીએ તો તે આપણો કૃપણ સ્વભાવનો ચિતાર આપે છે. આપણું પેટ ભરેલું હોય પછી ભૂખ લાગતી નથી તેવી જ રીતે બીજાની ભૂખનો અહેસાસ કદાચિત થતો નથી યા કૃપણતાથી વિસરાઈ જાય છે. જેમ કે જીવના શરીરના બંગલામાં કરોડરજ્જુ જ મહત્વનું હોય છે આ તો કોઈને મર્યા પછી જ શરીરના પાર્ટ ડોનેટ કરતાંજ બીજા વાપરી શકે છે, પરંતુ મિલકતમાં એવું નથી, પરિગ્રહ અને કૃપણતાને માર્યા પછી જ બીજા વાપરી શકે છે.

આગલા આપણા વડીલો પાસે ઓછું હતું છતાં તેઓના દિલ દરિયાવ હતા, ગામનું, કૂતરું, પૂંજાવાલો,

રાવળ કે પછી બ્રાહ્મણ કોઈજ ભૂખે ન મરતું. ગાયોને ગૌગ્રાસ અપાતી. બંગલો જે આપણુ શરીર છે અને પંચેન્દ્રિય એ પાયાની ઈંટ છે. કહેવત છે કે પંચેન્દ્રિયથી પૂજયા પરમેશ્વર એ સુખી સંપન્ન માનવી માટે બોલાય છે. જે બંગલાને જેને ઢાયો હોય એને ફરી જનમ લેવો પડતો નથી. આ જ્ઞાન જે પચાવે એજ સેવા, સમર્પણ સંગઠન સહ, આત્મીયતા સહ પરજનોની અને ઘરના વડીલો, માતા પિતાની નિષ્કામ ભાવથી સેવા કરે એનેજ 'બંગલા ઢાયાની' સાર્થકતા પ્રાપ્ત થાય છે. અને મનુષ્ય જન્મ સાર્થકતા સાથે જીવી જાણ્યાનો સંતોષ, અને સંતોષમાં જ સાચું સુખ સમાયું છે. આ લેખની સાર્થકતા પણ એમાં જ સમાયેલી છે. સંબંધોની હારમાળા સહ યુનિવર્સનો માલિક આપણને પૃથ્વી પર મૂકે છે. આગળ કહયું તેમ કિંતુ પરંતુ અને વ્યવહારિકતાનો અભાવ. સમય કયાંનો કેમ વેતરે છે કે જાણે અજાણે પણ બોલવું ન પડે આત્મીયતા અહંમથી તોલાય છે. પર સેવા, માતા પિતાની સેવા તો કુંઠિત માનસના લીસ્ટમાં આવતી જ નથી. આવી કૃપણતા જ્યાં હોય ત્યાં, તેના બંગલામાં નારાયણ કેમ કરીને વસે ? નારાયણજી હસતાં રમતાં આપણા બંગલામાં રહે તો સમરતા રહે, પરિગ્રહ અને કૃપણતાને વિસારે જે તે બંગલો ઢાય અને નહી તો

**'ઈસ બંગલે કો દસ દરવાજા'**
**'આવણ જાવણ નજર પડે ના'**
**કયા દરવાજેથી નારાયણશ્રી ચાલ્યા જાય... એ**
**સૌ પોતાના અંતરમનને ઢંઢોળે ? જાગૃત કરે તો માનવ**
**જીવન જીવી જાણ્યાની સાર્થકતા... બાકી તો**
**'કર બજાવે તાલ'...**

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો ઓકટોબર મહિનાનો કાર્યક્રમ ડાંડિયા રાસ' રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ૨૩મી ઓકટોબરે હિન્દી વિદ્યા ભવનમાં રાખવામા આવ્યો હતો.

મહિલા વિભાગને શ્રીમતી શોભનાબેન પંકજભાઈ પરીખ તરફી ૧૧,૦૦૦/-રૂાનું માતબર દાન મળ્યું હતુ. તથા શ્રીમતી સુવર્ણાબેન પ્રદીપભાઈ મોદી તરફથી ૧૧,૦૦૦/-રૂાનું માતબર દાન મળ્યુ હતુ. મહિલા વિભાગ આ બન્ને દાતાઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ કાર્યક્રમમાં બે જજને બહારથી બોલવામાં આવ્યા હતા. (૧) કોમી શાહ, (૨) શેફાલી કોઠારી. જેમને ખૂબજ સુંદર રીતે દરેક ગ્રુપમાંથી ત્રણ બેસ્ટ ડાન્સ અને ત્રણ બેસ્ટ ડ્રેસને ચૂંટી કાઢયા હતા અને તેઓએ પોતાનો અમૂલ્ય સમય ફાળવી સુંદર કામગીરી બજાવી હતી. જેનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

અને ભરત ડોસાને તો કેમ ભૂલાય જેના સથવારે બહેનોને સારી રીતે નચાવ્યા હતા. એમનો પણ મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે. એમના વગર આ કાર્યક્રમ આપણને અધૂરો લાગે.

પાંચ ગ્રુપ રાખવામાં આવ્યા હતા. જે નીચે પ્રમાણે છે.

**૧લું ગ્રુપ ૧ થી ૧૨ વર્ષ**

| Best Performance | Best Dress |
| --- | --- |
| ૧) દીપ | ૧) જીયા |
| ૨) કશીશ | ૨) હીયા ગાંધી |
| ૩) આર્ચી મોદી | ૩) આર્ય ધારીયા |

**2nd Group : ૧૩ થી ૨૫ વર્ષ**

| Best Performance | Best Dress |
| --- | --- |
| ૧) અવધી ધારીયા, | ૧) કોમલ શાહ, |
| ૨) જીલ | ૨) રાશી કડકીયા |

**3rd Group 26 to 40**

| Best Performance | Best Dress |
| --- | --- |
| ૧) તૃપ્તી દેસાઈ | ૧) નીકીતા મોદી |
| ૨) ભાવના ગાંધી | ૨) શીતલ મોદી |
| ૩) નેહા કડકીયા | ૩) લોપા શાહ |

**4th Group 41 to 55**

| **Best Performance** | **Best Dress** |
|---|---|
| ૧) પ્રિતી ધારીયા | ૧) હંસા પરીખ |
| ૨) હેમા પરીખ | ૨) દીપ્તી મોદી, |
| ૩) પુનીતા કડકીયા | ૩) શીલ્પા શાહ |
| ૪) ડીમ્પલ કડકીયા | |

**5th Group - 55 up**

| **Best Performance** | **Best Dress** |
|---|---|
| ૧) ભારતી શાહ | ૧) ચારૂ શેઠ |
| ૨) કનકલત્તા મોદી | ૨) પલ્લવી દોશી |
| ૩) સૂર્યાબેન | ૩) શંકુતલા દેસાઈ |

મહિલા વિભાગ આ કાર્યક્રમમાં ભાગ લેનાર તથા જોવા આવનાર બધાનો હૃદયપૂર્વક આભાર માને છે. આ કાર્યક્રમમાં પાંઉ ભાજી તથા Cold drinks આપવામાં આવ્યા હતા અને લ્હાણીમાં કાચના 6 ગ્લાસ આપવામાં આવ્યા હતા. જે બધાને ખૂબ જ ગમ્યા. આ કાર્યક્રમ આપના સાથ અને સહકારથી સફળ થાય છે. તેથી આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ ૧૨-૧૧-૧૦ના દિવસે તેજપાલ ખાતે નવું નાટક 'હસતાં રમતાં જીવી લઈએ' રાખવામાં અવ્યું છે. જેની નોંધ લેવા વિનંતી.

**સંયોજક નીલમ પરીખ - ૯૮૬૯૭૫૪૯૧૬**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ડાયમંડ જયુબીલી વર્ષ ૨૦૧૦-૧૧

## આંતરીક રમતગમતના નેજા હેઠળ :-

**શ્રી બા.ન.સંઘ ડાયમંડ જ્યુબીલી ઉજવણી પર્વ પ્રસંગે ઘણા વર્ષો પછી સહર્ષ યોજે છે.**

# 'કાર ટ્રેઝર હંટ'

**તા. ૨-૧-૧૧ રવિવાર મુંબઈ ખાતે સવારે ૯.૦૦ કલાકે**

**તા. ૯-૧-૧૧ રવિવાર ઉપનગર ખાતે સવારે ૯.૦૦ કલાકે**

**નિયમો નીચે મુજબ છે.**

(૧) એક ગાડીમાં ચાર જણાં બેસી શકશે. બે કપલ, ચાર ભાઈઓ અથવા ચાર બહેનો

(૨) આર.ટી.ઓ ના રૂલ્સ્ ભાગલેનારને લાગુ પડશે. સંઘની જવાબદારી નહી રહે.

(૩) બે કલાકની રમત દરમ્યાન સમિતિએ આપેલા સ્થળોની શોધ કરી એ જગ્યાએથી કુપન મેળવવાની રહેશે.

(૪) મોબાઈલ ફોન, મુંબઈનો રોડ મેપ, ટેલીફોન ડીરેકટરી, અન્ય સામગ્રી ગેમ ને લગતી ભાગ લેનારે સાથે રાખવી.

(૫) દરેક ભાગલેનારને નાસ્તાના પેકેટ તથા પાણીની બોટલ સંઘ તરફથી આપવામાં આવશે.

(૬) મુંબઈ ખાતે ચર્ચગેટ થી શીવાજીપાર્ક, દાદર અને ઉપનગર ખાતે મલાડ અને કાંદિવલી (પૂર્વ તથા પશ્ચિમ)

**પૈસા અને નામ લખાવવા માટે નીચે જણાવેલ પ્રમાણે સંપર્ક કરવો**

(૧) અજીત. ન. મોદી (કન્વીનર) પરાવિભાગ. Mob _ 9869029486 Res. 28691185

(૨) નીલેશ ન. શાહ (સહમંત્રી) પરાવિભાગ Mob. 9833841801 Res. 28926491

(૩) ભાવેશ બિ. મોદી,
(સહમંત્રી) મુંબઈ વિભાગ 9869080287 Res. 2060009

(૪) બાલાસિનોર નવયુવક સંઘ 23887006 (કામકાજના સમય દરમ્યાન)

(૫) પ્રગતી સમાજ ઓફીસ 22053476 (કામકાજ દરમ્યાન)

વ્યક્તિ દીઠ રૂા. ૧૦૦ એક રૂપીયા એકસો પૂરા. ભરવાના રહેશે, વહેલો તે પહેલો ના ધોરણે લેવામાં આવશે.

| કન્વીનર | ઑર્ગેનાઈઝર | મંત્રી |
|---|---|---|
| અજીત એન. મોદી | જતીન નવનીતલાલદેસાઈ | શ્રી મંજુલ ધારીઆ |

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંચાલિત

## વિવિધ સામાજીક પ્રવૃત્તીઓના નામાંકરણ માટે

## દાતાઓને અપીલ

**વિવિધ કાર્યરત યોજનાઓ જોડે આપના પરીવારનું કાયમી નામ જોડવાની સોનેરી તક**

હીરક મહોત્સવ પર્વ નિમિતે ભંડોળ સમિતીના ચેરમેન શ્રી યોગેશભાઈ ધારીયાએ સંસ્થાની દર મહિને લેવાતી મિટીંગમાં સમાજના ઉત્કર્ષ માટે ત્રણ સુચનો રજુ કરેલ જેને મેનેજીંગ કમીટીએ સર્વાનુમતે પસાર કર્યા, જે નીચે મુજબ છે.

(૧) **દિવાળી પર્વ આર્થિક રાહત યોજના :** જરૂરીયાતમંદ પરીવારને દીવાળીના શુભ પર્વ પર આર્થિક સહાય આપવામાં આવશે. રૂપિયા અગીયાર લાખ (રૂા. ૧૧,૦૦,૦૦૦/-) નું યોગદાન આપનાર પરીવારનું નામ આ યોજના જોડે કાયમી ધોરણે જોડવામાં આવશે.

(૨) **રાહત દરે નોટબુક તથા લોંગબુકનું વિતરણ યોજના :** સંઘ દ્વારા દર વર્ષે રાહત દરે નોટબુક તથા લોંગ બુકનું વિતરણ કરવામાં આવે છે. રૂપિયા સાડાસાત લાખ (રૂા. ૭,૫૦,૦૦૦/-) નું યોગદાન આપનાર પરીવારનું નામ આ યોજના જોડે કાયમી ધોરણે જોડવામાં આવશે.

(૩) **આંતરીક રમત ગમત :** સંઘ દ્વારા દર વર્ષે આંતરીક રમતો જેવી કે કેરમ-સીંગલ્સ, ચેસ, ટેબલ ટેનીસ વગેરે રમતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. રૂપિયા સાડાસાત લાખ (રૂા. ૭,૫૦,૦૦૦/-) નું યોગદાન આપનાર પરીવારનું નામ આ યોજના જોડે કાયમી ધોરણે જોડવામાં આવશે.

સંઘની હીરક જન્મ જયંતી નિમિત્તે ઉપરોક્ત વિવિધ યોજનાઓ જોડે પોતાના પરીવારનું નામ સંલગ્ન કરી સંસ્થાની આ સામાજીક પ્રવૃત્તિ માટે ઉદાર યોગદાન આપવા ઈચ્છુક દાતાઓએ ભંડોળ સમિતીના **ચેરમેન શ્રી યોગેશભાઈ ધારીયાનો સંપર્ક કરવા વિનંતી. મોબાઈલ - ૯૮૨૧૫૪૪૯૫૦ (ઓફિસ) - ૩૦૦૩૭૩૪૫ અથવા પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીયા - મોબાઈલ - ૯૮૨૦૧૮૩૯૦૭.**

**માનદ્ મંત્રી**

**શ્રી મંજુલ ધારીયા**

# બાલાસિનોર પ્રગતિ સમાજ આયોજીત
# ઈવેન્ટ એન્ડ મેનેજમેન્ટ યોજના હેઠળ સેમીનાર ત્રીજો

- એ અમેરીકાથી ગ્રેજ્યુએશન અને અનુભવ લઈને આવ્યા છે.
- તેઓ માને છે બાલાસિનોરવાસીઓના નાગદેવી લુહાર ચાલના વેપારીઓ પણ કોર્પોરેટ લેવલની કંપની બનાવી શકે.
- હાલનો ચાલતો બિઝનેસ વિકસાવવા અને નવું સાહસ શરૂ કરવા માટે ફક્ત ઉત્સાહની અને ધગશની જરૂર છે. ઉંમરનો કોઈ બાધ એમાં નડતો નથી.
- હવે આપણા બાળકોનું ભવિષ્ય અહીં ભારતમાં છે.
- નવી ટેકનોલોજી લઈને ઈન્ડીયામાં પાછા ફરી કંઈક કરવાની તમન્ના વાળા નવયુવાનોને બધીજ રીતે મદદ કરવા તેઓ તત્પર છે.
- મેનેજમેન્ટ અને ટેકનોલોજી આ બન્ને ક્ષેત્રે તેઓ માસ્ટર છે અને ટીમ બીલ્ડીંગ તથા ક્રીયેટીવ માર્કેટીંગમાં માને છે.
- તેઆ ૩૨ થી વધુ કંપનીઓમાં એક કે બીજી રીતે સંકળાયેલા છે.
- મિત્રો સાથે ગપ્પા મારતાં મારતાં ઉભી થયેલી એમની કંપની પ્રાસોલ કેમીકલ હાલમાં ૧૨૫ કરોડનું ટર્ન ઓવર ધરાવે છે.

આવા આપણા બાલાસિનોરના ઉદ્યોગપતિને સાંભળવાની તક આ સેમીનાર આપણને આપશે. તો આવો મળીએ

**શ્રી નીશીથ રજનીકાંત શાહ (ચકવા)**

વિષય :- Business Management & Enterprenership at any age.

તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, રવિવારે સવારે

વધુ વિગત આગામી અંકમાં આપવામાં આવશે આપ બસ ઉપરની તારીખ આપની એપોઈન્ટમેન્ટ બુકમાં લખી રાખશો.

**– સંયોજક તથા પ્રમુખ પંકજ ધારીઆ (લાલખાં)**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– મંત્રી મંજુલ ધારીઆ**

# શ્રી બાલાસસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની ૫૯મી વાર્ષિક સભા પ્રમુખ શ્રી પ્રવીણ સા. દેસાઈના પ્રમુખ પદે તા. ૮-૧૦-૨૦૧૦ના શુક્રવારે સાંજે ૬.૪૫ કલાકે સુભદ્રાબેન ન. શાહ (કલકતાવાળા) સભાગૃહ, પ્રગતિ સમાજની ઓફીસમાં મળી હતી જેમાં ૨૮ સભ્યો હાજર રહેલ હતા.

૫૮ મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન મંત્રી શ્રી ચંદ્રકાન્ત દેસાઈ એ રજૂ કર્યું હતું. મંડળ તથા શાળાઓનો અહેવાલ, ઓડીટેડ હિસાબો પસાર કરવામા આવ્યા હતા.

ચૂંટણી પંચના અધ્યક્ષ શ્રી મોહનભાઈ પરીખે (લાયે) પરિણામ રજૂ કર્યું હતું. નીચેના પાંચ ઉમેદવારો બીનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા.

(૧) પરેશ ર. પરીખ (દુધવાળા) (૨) જગદીશ શો. પરીખ (જૂનાગઢવાળા) (૩) શરદ ન. દેસાઈ (૪) દીનેશચંદ્ર ચી. પરીખ, (૫) જતીન ન. દેસાઈ. ઓડીટર્સ તરીકે મેસર્સ જે. એમ. એસ. એન્ડ કું. ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી જગદીશ મ. શાહ (કડુજી)ની કોઈપણ જાતનાં માનધન વગર નીમણુંક કરવામાં આવી હતી.

ટ્રસ્ટી શ્રી નટવરલાલ ચ. પરીખ (વોરા)ના આવેલ રાજીનામાંનો સ્વીકાર કરી તેમની જગ્યાએ શ્રી સુધીર ચી. ધારીઆની નિમણુંક કરવામાં આવી હતી.

ન્યાસ ફંડના વ્યાજની રકમ ફાળવ્યા પછી જે વધે છે તેને વિદ્યાર્થી નાસ્તા ફંડ ખાતે લઈ જવા. આ વર્ષ દરમ્યાન ૧૨૫ નવા આજીવન સભ્યો થયા છે. ૬૦ વર્ષ ઉજવણી પર્વ પ્રસંગે મળેલા દાનના વચનોમાંથી લગભગ ૫૦ ટકા કલેકશન આવી ગયું છે.

**મંત્રીઓ જતીન ન. દેસાઈ, ચંદ્રકાંત સી. દેસાઈ**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

વતનના શાળાજીવનને યાદ કરી શાળાના વિકાસ માટે રૂા. એક લાખ કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાઓનો બહુમાનનો કાર્યક્રમ ફગવા સમયે બાલાસિનોર ખાતે રાખવાનું ઠરાવેલ છે. આ અંગેની વિસ્તૃત જાણકારી હવે પછીનાં અંકમાં આપવામાં આવશે.

**પ્રમુખ શ્રી પ્રવીણ સાં. દેસાઈ.**

# શ્રી ગ્રામ સેવા સમાજ સંચાલિત
# શ્રી કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક - બાલાસિનોર

**સુજ્ઞ ભાઈશ્રી, બહેનશ્રી,**

સહુ પ્રથમ આપ સહુને નૂતન વર્ષના હાર્દિક અભિનંદન. નવું વર્ષ આપ સહુ માટે સુખમય, શાંતિમય, આનંદમય, નીવડે એ પ્રાર્થના.

આપ સહુને વિદિત છે કે શ્રી કાંતિલાલ પરીખ પાર્કના નિભાવ અને વિકાસ માટે ફંડની આવશ્યકતા રહે છે. પાર્કને શક્ય તે પ્રમાણે સુંદર અને રમણીય બનાવવામાં આપ સહુના સહકારથી પ્રયત્નો ચાલુ છે. હાલમાં પાર્કની અંદર પણ શ્રી નવીનભાઈ શાહ અને તેમના સ્નેહીના સહકારથી વોક વે-ફુલઝાડ-લાઈટ-ફુવારા વિગેરે મુકી પાર્કને રમણીય બનાવવાના પ્રયત્નો કર્યા છે.

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના આવક જાવકના હિસાબોમાં પાર્કની આવક રૂા. ૪૭૧૪૮/- થયેલ છે. વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં દાન મળેલ તેની અસર ૨૦૧૦-૧૧માં જોવા મળશે, છતાં હાલ ભંડોળ ૩૧-૩-૧૦ના રોજ રૂા. ૧૦,૬૭,૫૦૦/- અંદાજીત છે. જેનું વ્યાજ વર્ષમાં રૂા. ૭૫,૦૦૦/- થયેલ છે. મોંઘવારી અને વ્યાજના ઓછા દરના લીધે ખર્ચાઓ વિકાસ અને નિભાવ માટે વધતા જશે. આ સાથે વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં મળેલ દાનની યાદી છે, તો દરેક દાતાને વિનંતી કરીએ છીએ, કે ભંડોળ વધારવા સહુએ પ્રયત્નો કરવા. હજુ પણ રૂા. ૫,૦૦,૦૦૦/- આપણે આ ભંડોળમાં ઉમેરીએ એ આવકાર્ય થશે. રૂા. ૫૦૦/- આપેલ છે તે રૂા. ૧,૦૦૦/- ૧,૫૦૦/- આપે અને રૂા. ૧,૦૦૦/- આપેલ છે તે રૂા. ૨,૦૦૦/- થી રૂા. ૨,૫૦૦/- આપે અને અગાઉથી રકમ આપેલ હોય તો શક્ય તે વધુ રકમ આપે તો, આપણું કાર્ય પાર્કના નિભાવ અને વિકાસનું સરળ થશે.

સહુના સહકારથી અપેક્ષા અને આપ સહુએ જે દાન આપેલ છે તે બદલ હાર્દિક અભિનંદન, અને વધુ પ્રેરણા થાય એવી વિનંતી.

**ભંડોળ માટે સંપર્ક સાધવો.**

**બાલાસિનોર** : રજનીભાઈ ઓ. શાહ (ઠાસરાવાલા) રાવજીભાઈ બી. પટેલ, શ્રી કિરતનભાઈ પારેખ

**મુંબઈ** : મોહનભાઈ પરીખ, રસીકભાઈ દેવ, રજનીભાઈ લટકારી, વસંતભાઈ પરીખ, કીર્તીભાઈ કડકીઆ (લટકારી), પ્રવીણભાઈ દેડકી, જગદીશભાઈ પરીખ (પ્લમબર્સ), કાર્તીકભાઈ કડકીઆ, યોગેશ ધારીઆ.

**લી. રજનીભાઈ શાહ, મંત્રી - ગ્રામ સેવા સમાજ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

વડીલો, ભાઈઓ, બહેનો, બાળકો તથા નવયુવક સંઘના દાતાશ્રીઓ, દીવાળી નીમીત્તે આપ સૌને શ્રી બાલાસિનોર નવયુવક સંઘ અને તેના તમામ કારોબારીના સભ્યો તથા પદાધીકારીઓ અને ટ્રસ્ટીગણ તરફથી દીવાળી શુભકામના તથા નુતન વર્ષાભીનંદન.

નવાવર્ષનું નવલુ પ્રભાત, સર્વે માટે તન, મન અને ધનથી સુખાકારી લાવનારુ બની રહો તેવી શુભકામનાઓ.

**મંત્રી - મંજુલ ધારીયા**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે મંડળની વાર્ષિક સામાન્ય સભા દરમ્યાન શ્રી સુરેન્દ્રભાઈ રતીલાલ પરીખ તરફથી તેમના મામા મુ. શ્રી નગીનદાસ લાલચંદ પારેખના નામે Primary Education Scheme for std. I to Std. IV & K.G. Classes રૂા. ૭,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા સાડા સાત લાખ પૂરા) નું દાન વચન પ્રાપ્ત થયેલ છે.

દાતાશ્રી સુરેન્દ્રભાઈની ઈચ્છાનુસાર હવે પછી આ - શ્રી નગીનદાસ લાલચંદ પારેખ (હસ્તે શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ) પુરસ્કૃત "Primary Education Scheme for std. I to Std. IV & K.G. Classes" તરીકે ઓળખાશે.

(૨) આ સિવાય - શ્રી દિલીપ પૂનમચંદ શાહ ... રૂા. ૧૧,૦૦૦/- અને શ્રી દિનેશ પૂનમચંદ શાહ ... રૂા. ૧૧,૦૦૦/-ની રકમ પ્રાપ્ત થયેલ છે જે દાતાશ્રીની ઈચ્છાનુસાર શ્રીમતી મણીબેન પૂનમચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ ન્યાસ ફંડના નામે પ્રાપ્ત થયેલ છે.

(ઉપયુક્ત ન્યાસફંડની તા. ૩૧-૩-૧૦ સુધીની કુલ રકમ રૂા. ૨૮૮,૫૦૦/-માં ઉમેરતાં હવે ન્યાસફંડની કુલ રકમ રૂા. ૩,૧૦,૫૦૦/- થશે.)

(૩) સ્વ. પ્રવિણચંદ્ર વલ્લભદાસ ધારીઆ (લાલખા)ના સ્મરણાર્થે શ્રીમતી બીંદુ પરેશ પરીખ (બખલી) તરફથી રૂા. ૧૧,૧૧૧/-નું ન્યાસફંડ પ્રાપ્ત થયેલ છે.

મંડળની કાર્યવાહક સમિતિના સર્વે સભ્યો તેમજ ટ્રસ્ટીઓ ઉપયુક્ત દાનવચન બદલ દાતાશ્રીનો હાર્દિક આભાર માને છે.

**કિરીટ રમણલાલ કડકીઆ - શરદ નટવરલાલ દેસાઈ - માનદ્ મંત્રીઓ**

# કે. એમ. જી. જનરલ હોસ્પિટલ
# શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પ

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧૦-૧૦-૧૦ના રોજ શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજવામાં આવેલ જેમાં આણંદના ફીજીશીયન ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓશ્રીના ડોકટરોની ટીમ સાથે આવેલા. આ કેમ્પમાં કુલ ૨૦૦ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૧૮૨ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ, ૨૫ ઈ.સી.જી. તથા ૧૭૩ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ રૂા. ૩૭૦૦૭/-ની માફી કરવામાં આવેલ.

હવે આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પ તા. ૬-૨-૧૧ના રોજ યોજવામાં આવશે.

## કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી નિદાન કેમ્પ

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧૦-૧૦૧-૧૦ના રોજ **'કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી નિદાન કેમ્પ'** યોજવામાં આવેલ જેમાં વડોદરાના નિષ્ણાત ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ ડૉ. ચિરાયુ એમ. ચોકસીએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૨૯ દર્દીઓ નોંધાયેલા અને તે પૈકી ૧૭ દર્દીઓની ઉપર જીઆઈ એન્ડોસ્કોપી તથા ૦૪ દર્દીઓની કોલોનોસ્કોપી કરવામા આવેલ. જરૂરીયાત વાળા દર્દીઓને પેથોલોજી ટેસ્ટ તથા દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

હવે આગામી એન્ડોસ્કોપી નિદાન કેમ્પ તા. ૬-૨-૧૧ના રોજ યોજવામાં આવશે.

(૧) બાલાસિનોર કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં 'શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) માનસીક રોગોનો નિદાન કેમ્પ' તારીખ ૬-૧૧-૧૦ના રોજ યોજવામાં આવેલ છે. તેમજ

(૨) 'શ્રી લાયન્સ કલબ ઓફ ધોબી તળાવ, મુંબઈ ચામડીના રોગોનો નિદાન કેમ્પ' તારીખ ૧૬-૧૧-૧૦ તથા ૨૩-૧૧-૧૦ના રોજ યોજવામા આવેલ છે.

## પ્રશસ્તિ પત્ર

(૩) બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ને વર્ષ દરમ્યાન નેત્ર ઓપરેશનમાં કામગીરી અને સેવા બદલ ગુજરાત રાજ્ય અંધત્વ નિયંત્રણ સોસાયટી, ગાંધીનગર દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ ' વિશ્વ દ્રષ્ટિ દિન ૧૪ ઓકટોબર ૨૦૧૦ પ્રશસ્તિપત્ર ' અધિક નિયામક શ્રી (આ) તેમજ સંયુક્ત નિયામકશ્રી (ઓપ્થ). કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ) ગાંધીનગર હસ્તે મળેલ છે.

## નોંધનીય દાન

શ્રી પરેશ રસીકલાલ પરીખ (દુધવાળા) તરફથી તેમના સુપુત્ર અંકીતના લગ્ન પ્રસંગે રૂા. એક લાખનું દાન પ્રાપ્ત થયેલ છે.

શ્રી પંકજભાઈ ધારીયા (લાલખાં) લાઈફ મેમ્બર થયા છે. સ્વાગત.

**મંત્રી શ્રી : શ્રી રાજેન્દ્ર દેસાઈ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

Address of Training Centre

Raj Software Technology (India) Ltd.

| | | |
|---|---|---|
| (1) Marine Lines | (2) Grant Road | (3) Andheri (W) |
| (4) Vile Parle (E) | (5) Jogeshwari (W) | (6) Malad (E) |
| (7) Malad (W) | (8) Kandivali (W) | (9) Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** : Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

***સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ***

# Result of Indoor Games Tournament for the year 2010-2011

**I Jr. Single (Carrom)**

1) Aman Manoj Kadakia
2) Akash Samir Dharia
3) Purav Viral Gandhi

**IIJr. Double (Carrom)**

1) Aman Manoj Kadakia
   Vrushank Sachin Kadakia
2) Purav Viral Gandhi
   Harshil Jignesh Kadakia

**III Sr. Single - Carrom**

1) Devang Vyomesh Parikh
2) Sachin Ramesh Kadakia
3) Bhavik Rajesh Dharia

**IV Sr. Double (Carrom)**

1) Devang Parikh - Bhavik Dharia
2) Jignesh Kadakia - Viral K. Gandhi
3) Rajesh Dharia - Nilesh G. Parikh

**V Ladies Single (Carrom)**

1) Roma Manoj Kadakia
2) Shefali Manish Kadakia
3) Partiksha Ripal Gandhi

**VI Ladies Double**

1) Roma Manoj Kadakia
   Shefali Manish Kadakia
2) Pratiksha Ripal Gandhi
   Krisha Prasant Parikh
3) Kinjal Mitul Mehta - Chandra Parikh

**VII Mix Double**

1) Devang Parikh - Chandra Parikh
2) Manoj Kadakia - Roma Kadakia
3) Ajit N. Modi - Pratiksha Ripal Gandhi

**VIII Superhit Mukabala (Carrom)**

1) Rajesh Dharia - Bhavik Dharia
2) Devang Parikh - Chandra Parikh
3) Ajit Modi - Deepesh Modi

**VIIII CHESS (Jr.)**

1) Akash Samir Dharia
2) Purav Viral Gandhi
3) Dhruvin Sachin Kadakia

**X CHESS (Sr.)**

1) Viral Kirankumar Gandhi
2) Bhavik Dharia
3) Rajesh Dharia

**XI T.T.(Jr.) Gents**

1) Purav Viral Gandhi
2) Prerak Gandhi
3) Karan Kadakia

**XII T.T.(Sr.) Gents**

1) Ketan Gandhi
2) Parag Kadakia
3) Nimish Parikh

**XIII Badmintion (Sr.) Gents**

1) Nimish Babulal Parikh
2) Roneil Nikhil Parikh
3) Vishwas Sethana

**XIIII Ladies Badmintion**

1) Ruchi Sethana
2) Jayanti Gandhi
3) Alpa Sachin Kadakia

**XV Badminton (Jr.)**

1) Vrushant Kadakia
2) Purav Gandhi

The prize distribution date will be declare later on.

**Convener - Ajit N. Modi**

**Mantri - Manjul Dharia**

## ઘાયલ

હું હતાશ થઈને બેઠો છું.
વરસતો વરસાદ ભીંજવે મને !
હું વાટ જોઈને થાક્યો છું,
દીલની આગ ઠારવું છું ! (૧)
પાગલ સૌએ ગણી મુજને,
મુખડું સૌએ ફેરવી લીધું !
ઘા પર ઘા ઝીંકી ઘાયલ કરી-
હાસ્યનું મરહમ વેરે છે ! (૨)
'ઘાયલકી ગત ઘાયલ જાને-
ઔર ના જાને કોઈ'
'ઘાયલ' દીલને પૂછી જુવો
ઈલાજ, હા, ફક્ત એકજ-
અને એ છે,
'ચાલ્યો જા', આ ક્રૂર ને સ્વાર્થિ દૂનિયાથી દૂર !

**'ચાંદશા' - ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## એક નવો વિચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી સુધીરભાઈ ધારીઆ કે જેઓ વ્યવસાયે બિલ્ડર છે તેમના તરફથી આપણા બાલાસિનોરના જ્ઞાતિજનો માટે એક નવોજ વિચાર મુકાયો છે. અને એ છે એક આવાસ યોજના જેમાં વિવિધ બંગલાઓ, ફલેટો, ઘરો, ક્રીડાંગણ, સ્કુલ, મંદિર, મીટીંગહોલ વગેરે હોય અને આ યોજના બોરીવલીની આસપાસ વિકસાવવાની તેઓની નેમ છે. આ બાબતે વધુ વિગત તેઓ રસોત્સવના તેઓના સંબોધન દરમ્યાન રજુ કરશે અને આપના પ્રતિસાદની અપેક્ષા રાખશે.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)
મો. ૯૮૨૦૧૮૩૯૦૭
જલ્પા કલ્પેશ ધારીઆ મો. ૯૮૨૦૪૬૯૩૬૮
દાદર સદાનંદ કો.ઓ.હા. સોસાયટી
ફ્લેટ નં. ૧૧, ૬ ઠ્ઠે માળે, પ્રો. ન.મ.કાલે.માર્ગ
અગરબજાર, દાદર, મુંબઈ - ૪૦૦ ૦૨૮
ટેલિફોન નં. ૨૪૩૮૪૮૫૪

૨) પ્રિયકાંત કીરતનલાલ દેસાઈ
તુલસી મોહોલ્લો - (હોળી ચકલા)
બાલાસસિનોર - ૩૮૮૨૫૫
ટે.ન. રહેઠાણ - ૦૨૬૯૦ ૨૬૬૭૨૧
પ્રિયકાંત મોબાઈલ : ૦૯૯૭૯૩૫૭૩૧૧
આશા દેસાઈ મો. : ૦૯૯૨૫૭૬૫૨૦૦

૩) ભરત બાબુલાલ પરીખ
અલ્કા ભરત પરીખ
ગાંજાવાલા ટાવર કો.ઓપ. હાઉસીંગ
સોસાયટી લીમીટેડ, ફ્લેટ ન. ૫૦૧,
પાંચમે માળે, તારદેવ, મુંબઈ - ૪૦૦૦૩૪
ઘરનો ટેલી. ૨૩૫૧૧૪૨૩

૪) Kalavatiben M. Sheth
Kaushik M. Sheth (Raju)
Nirmal Mahal
3rd Floor, Flat NO. 24, Warden Road
Mumbai - 400036
Tel. : 23808896 / 9819165689

5) Prakash M. Dharia
Enterpise bldg. Flat No. 71
7th Floor, Forget Hill Road
Turdeo, Mumbai - 400036

6) Nirav Manoj Kadakia (Fadia)
New Jawahar Mention, 2nd Floor
Block No. 33, Sitaram Poddar Road
Fanas Wadi, Mumbai - 400002

7) Manoj Navnitlal Kadakia (Fadia)
Mayuresh Apartment, 6th Floor
Block No. 606, Khadilkar Road
Kandawadi, Mumbai - 400004,

8) Precision Plastic Industries Pvt. Ltd.
Nita S. Kadakia
D/19 Nandjyot Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East),
Mumbai - 400072, M: 07738361600

9) Mahesh Modi
Flat No. 401, 4th Floor, Bhoomi Aura
15th Road, Khar (West), Mumbai - 400052

## તેજસ્વી તારલા

૧) કૃતિ નિલેશ ત્રિવેદી
Ma Honours in English Literature Part (I)
માં 66 % માર્કસ સાથે ઉત્તીર્ણી થયા છે.

૨) પરીન રાજેશ રમણલાલ શાહ (ખડગોધરાવાળા)
MBA Final માં 75 % માર્કસ સાથે ઉતીર્ણ થયા છે.
બન્ને વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી અભિનંદન.

### ગૌરવ

શ્રી યોગેશભાઈ કાંતીલાલ પરીખની લાયન્સ ક્લબ ઓફ મનમાડ પ્રાઈડના પ્રેસિડેન્ટ પદે નિમણુક થઈ છે. સંસ્થા તરફથી અભિનંદન.

## મલાડ વસતા બાલાસિનોર વાસીઓનુ સમુહ ભોજન

મલાડમાં વસતા બાલાસિનોર વાસીઓનુ સમુહ ભોજન તા. ૯-૧-૨૦૧૧ના રવિવારે રાખેલ છે. મલાડમાં વસતા તમામ બાલાસિનોરવાસીઓને સવારના ૧૧.૦૦ કલાકે સમુહભોજનમાં નીચેના સરનામે પધારવા વિનંતી છે.

**સ્થળ :-** નડીઆદવાલા માર્કટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટરની સામે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૭

## બોરીવલીનો જમણવાર

બોરીવલીથી વિરાર સુધી વસતા બાલાસિનોરવાસીઓનો જમણવાર તા. ૯.૧. ૨૦૧૧ ના રોજ રવિવારે સવારે ૧૨ કલાકે રાખ્યો છે.

**સ્થળ :** ગુરુદ્વારા સાઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ)

**આપ સૌને પધારવા આમંત્રણ છે.**

**- હેમેન્દ્ર રમણલાલ શાહ**

**મોબાઈલ - ૯૮૨૦૦૧૧૫૮૬**

જેઓ વખતનો સારો ઉપયોગ કરે છે તેમના પ્રત્યે કાળ માયાળુપણે વર્તે છે, પણ જેઓ તે વ્યર્થ ગુમાવે છે અગર તેનો દુરૂપયોગ કરે છે તેમના તરફ તે નિષ્ઠુરપણે વર્તેછે. અર્થાત્ કાળ નિર્દય પણ છે અને દયાળુ પણ છે, જેણે કાળનો જેવો વ્યય કર્યો હોય છે તેવું ફળ તેને પ્રાપ્ત થાય છે

## નવા ટેલીફોન નંબર

૧) કસુમબેન એન. કડકીયા (મલમ)
Mobile No. 97691647

૨) નવનીતલાલ સી. કડકીયા (મલમ)
Mobile No. 9819448332

## મૃત્યુ નોંધ

| | ઉ.વ. |
|---|---|
| મહેશ શાંતિલાલ પરીખ (સાડીવાલા) | ૫૪ |
| શારદાબેન મનહરલાલ ભાવસાર | ૬૯ |
| નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી) | ૭૮ |
| ગાંધી પ્રવિણચંદ્ર ચીમનલાલ | ૭૬ |
| પ્રફુલભાઈ નટવરલાલ પરીખ | ૬૬ |
| ગજેન્દ્રભાઈ કાંતિલાલ ત્રિવેદી | ૭૬ |
| નટવરલાલ ચંદુલાલ મહેતા (પડાલવાળા) | ૮૬ |

**ચક્ષુદાન કરેલ છે**



**રાજેશ નટવરલાલ પરીખ (રોકડીયા)**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**